શોજી. PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૯/કવા-૦૧/૧૮-૧૯/ 8291-5 તા. 01 SEP 2018

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
વાળા પુંજાભાઈ લખમણભાઈ,
ગામ: પ્રાસલી
તા.સુત્રાપાડા -362268
જી: સોમનાથ (વેરાવળ)

વિષય :-વીજબીલ બાબત
સંદર્ભ:- આપની અરજી , તા. ૨૨-૦૬-૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૭૯/કવા-૦૧/૧૮-૧૯)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વેરાવળ

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ - સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,પ્રાચી

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૭૯/કવા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૧૬–૦૮–૧૮ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: વાળા પુંજાભાઈ લખમણભાઈ, ગામ: પ્રાંચી

રજુઆત કરનાર: અરજદાર વાળા પુંજાભાઈ લખમણભાઈ હાજર રહેલ છે.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,પ્રાચી (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વેરાવળ)

રજુઆત કરનાર :ડી.વી.લાખાણી – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી વેરાવળ

## : હુકમ :

ફરીયાદ : વીજબીલ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ ખેતીવાડી ની જમીન મા વીજજોડાણ ની માંગણી કરેલ – જેમા વીજજોડાણ આપેલ નથી, તેમ છતા તા.૧૭–૦૨–૧૮ ના રોજ મીટર રીડર વીજબીલ રૂ.૮૯૩/– નુ આપી ગયેલ. જે અન્વયે – તા.૨૦–૦૨–૧૮ ના રોજ પેટા વિભાગીય કચેરી પ્રાંચી મા રજુઆત કરતા – જણાવેલ કે સદર વીજબીલ ભરપાઈ કરી આપો – જેથી વીજજોડાણ આપી શકાય. ત્યારબાદ, તા.૧૨–૦૩–૧૮ ના રોજ વીજજોડાણ આપેલ – પરંતુ આશરે ૦૪ માસ થી વીજબીલ અપાયેલ નથી. જેથી, પોતે ગરીબ હોય – એકી સાથે વીજબીલ ભરપાઈ કરી શકે તેમ નથી. જે માટે દર મહિને નિયમીત વીજબીલ મળે તે માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૨ | ફોરમ કમિટી મીટીંગ: તા. ૧૬–૦૮–૧૮ ના રોજ ફોરમ સમક્ષ જણાવેલ કે પીજીવીસીએલ પક્ષકાર દ્રારા સમાધાન પત્ર મા સહી કરવા નુ કહેતા – સહી કરી આપેલ છે. પરંતુ તેઓને વીજજોડાણ આપેલ નથી, તેમ છતા – વીજબીલ શા માટે આપેલ છે, તે બાબતે ની કોઈ ખુલાસો કરેલ નથી. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી વાળા પુંજાભાઈ લખમણભાઈ નું ફોલ્ટી મીટર તા.૦૩–૭ –૧૮ ના રોજ કચેરી દ્રારા મીટર બદલાવેલ છે. ત્યારબાદ અરજદાર ને નિયમીત વીજબીલ મળશે તેવુ નકકી થતા અરજદારે લેખીત સંમતીપત્ર તા.૦૯–૭ –૧૮ ના રોજ ફરીયાદ નુ નિરાકરણ થતા સહી કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |
| ૨.૨ | ફોરમ કમિટી મીટીંગ: તા. ૧૬–૦૮–૧૮ ના રોજ ફોરમ દ્રારા જણાવ્યા મુજબ – સદર અરજદાર ના મીટર ચકાસણી અહેવાલ રીપોર્ટ અને તારીખ વાર કરેલ કાર્યવાહી આધાર–પુરાવા સાથે રજુ કરવા – જે ફોરમ ને તા.૨૮–૦૮–૧૮ ના રોજ ઈ–મેઈલ દ્રારા રજુ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૧</u> | અરજદાર ની મુદદા નં. ૧.૧ અને ૧.૨ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંઘાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે – અરજદાર શ્રી વાળા પુંજાભાઈ લખમણભાઈ, ગામ: પ્રાંચી ગ્રાહક નં. – 81333/01098/2 થી ૦૫ હોપા નુ એ–૨ ટેરીફ હેઠળ વીજજોડાણ ઘરાવે છે. તા.૦૩–૭ –૧૮ ના રોજ ઉપરોકત સદર મીટર ને કચેરી દ્રારા – મીટર બદલાવેલ છે. ત્યારબાદ અરજદાર ને નિયમીત વીજબીલ મળશે તેવુ નકકી થતા અરજદારે લેખીત સંમતીપત્ર તા.૦૯–૭ –૧૮ ના રોજ ફરીયાદ નુ નિરાકરણ થતા સહી કરી આપેલ છે.<br><br>વધુમાં મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં થયેલ પરીક્ષણ મુજબ અરજદારને સદર મીટરની લેબ. ચકાસણી માટે તા. ૦૫.૦૭.૧૮,૧૨.૦૭.૧૮ અને ૧૯.૦૭.૧૮ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ હતું. જેમા અરજદાર શ્રી ગેરહાજર રહેતા સદર મીટર ની એક તરફી ચકાસણી તા.૨૭–૦૮–૧૮ ના રોજ કરવામા આવેલ હતી. તે મુજબ મીટર ના રીડીગ ૨૮૬ કેડબલ્યુએચ ( યુનીટ ) તેમજ મીટર ના સીલો અને બાહય અવલોકન કરતા મીટર ની સ્થિતી સારી છે. તેમજ મીટર નો એકયુચેક ટેસ્ટ લેતા પરીણામ +૦.૪૪% આવેલ છે. તેમજ સદર મીટર નો એમ.આર.આઈ. અહેવાલ લીધેલ છે.<br><br>પીજીવીસીએલ પક્ષકાર દ્રારા સદર અરજદાર ને અપાયેલ વીજબીલ માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૮, માહે ફેબ્રુઆરી–માર્ચ– ૧૮ અને માહે એપ્રીલ – મે– ૧૮ અન્વય અપાયેલ ફોલ્ટી મુજબ ના વીજબીલ – મીટરમાં લીધેલ એમ.આર.આઈ. અહેવાલ મુજબ મળેલ રીડીગ પ્રમાણે રીવાઇઝ કરી જેની વિગતવાર અરજદાર ને લેખીતમાં જાણકારી દિન–૧૫ મા આપવી અને અરજદાર ની ફરીયાદ મુજબ – સદર અરજદાર ને વીજબીલ નિયમીત મળે તે માટે ની જરૂરી કાર્યવાહી કરવી, તેમ– પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**<u>મુદદા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની કાર્યવાહી કરવા પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેક્નીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.**